શિક્ષણ, સાહિત્ય અને ટેકનોલોજીનું ચિંતન અને મનન કરતું લવાજમ વગરનું ઈ-મેગેઝિન

# શિક્ષણસેતુ

Visit us : https://sanjaykoriya.wordpress.com

સ્થાપના : વિશ્વ યોગ દિન-૨૦૧૮, વર્ષ : ૧, સળંગ અંક : ૨ કુલ પૃષ્ઠ : ૧૮ આવૃત્તિ : ઓગસ્ટ-સપ્ટે.૨૦૧૮




`શિક્ષણસેતુ' મેગેઝિનનો મંગલ પ્રારંભ

તંત્રી : ડૉ. સંજય કોરિયા

## 'શિક્ષણસેતુ' વિશે થોડુંક...

(૧) 'શિક્ષણ સેતુ' લવાજમ કે ડોનેશન વિનાનું દ્વિમાસિક ઓનલાઈન ઈ-મેગેઝિન છે.

(૨) પ્રેરણાદાયી અને જીવન ઉપયોગી લેખો, મૌલિક કાવ્યો, વાર્તાઓ, પ્રેરક પ્રસંગો, જાણવા જેવું, ઉખાણાં, કોયડા, શાળાઓમાં થતી વિશેષ પ્રવૃતિઓ, ફોટોગ્રાફ્સ, અહેવાલ, ચિત્રો વગેરે મોકલી શકો છો.

(૩) મોકલેલ વિગતો પરત કરાશે નહિ, તેથી એક નકલ પોતાની પાસે રાખીને મોકલવી.

(૪) કૃતિના સ્વીકાર /અસ્વીકારનો નિર્ણય સંપાદક મંડળનો રહેશે.

(૫) લેખકના વિચારો સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહિ.

(૬) આપના સૂચનો, શુભેચ્છાઓ અને પ્રતિભાવો અમારા માટે અમૂલ્ય છે. આપના લેટરહેડ પર ચોક્કસ મોકલો.

(૭) તમામ કૃતિઓ MS-Wordમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરી ઈ-મેલ દ્વારા મોકલવી.

(૮) આપેલ વિગતોની પૂરક માહિતી વિડીયો, ઓડિયો કે અન્ય સ્વરૂપે બ્લુ રંગની linkમાં હશે. તેના પર ક્લિક કરવાથી જોઈ શકાશે.

(૯) 'શિક્ષણસેતુ'ના તમામ અંકો આ બ્લોગ પર https://sanjaykoriya.wordpress.com જોઈ શકાશે.

**લેખ અને પત્રવ્યવહાર માટે**

**શિક્ષણસેતુ કાર્યાલય**

ઈ-મેલ : sanjay.koriya@yahoo.com

## અનુક્રમણિકા

૧. તંત્રી સ્થાનેથી ....................૩
૨. મારા વર્ગનો આરુણી (પ્રેરક પ્રસંગ)....................૪
૩. મમત્વ ઝંખતું બાળક (પ્રેરક પ્રસંગ)....................૫
૪. ગુરુપૂજન અને ગુરુપૂર્ણિમા ....................૬
૫. આઝાદીને જાળવીએ ....................૮
૬. ગુજરાતી સાહિત્યના અદ્ભુત શેર .................. ૯
૭. બાળકની ઝંખના .................... ૧૦
૮. વાર્તા વિશ્વ ....................૧૧
૯. કાવ્ય જગત ....................૧૨
૧૦. શિક્ષણમાં ટેકનોલોજી ....................૧૩
૧૧. શિક્ષણ અને ટેક્નોલૉજી સમાચાર ....................૧૪
૧૨. મારું ચિત્ર ....................૧૫
૧૩. સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરી ....................૧૬
૧૪. શુભેચ્છાઓ....................૧૭

શિક્ષણ, સાહિત્ય અને ટેકનોલોજીનું ચિંતન અને મનન કરતું લવાજમ વગરનું ઈ-મેગેઝિન

# શિક્ષણસેતુ

Visit us : https://sanjaykoriya.wordpress.com

સ્થાપના : વિશ્વ યોગ દિન -૨૦૧૮, વર્ષ : ૧, સળંગ અંક : ૧ કુલ પૃષ્ઠ : ૧૮ આવૃત્તિ : ઓગસ્ટ-સપ્ટે. ૨૦૧૮

સ્થાપક /તંત્રી

**ડૉ. સંજય કોરિયા**

(M.A., M.Ed., Ph.D.)

(જસદણ)

મો. ૯૮૯૮૦૦૧૯૮૨

સંપાદકો

- ડૉ. મયૂર ભમ્મર
- કપિલ સતાણી
- હસમુખ ટાંક

પરામર્શક

ડૉ. અતુલ વ્યાસ

લેખ અને પત્રવ્યવહાર માટે

**શિક્ષણસેતુ કાર્યાલય**

હરિકૃષ્ણ નગર-૨,

ગંગાભુવન વિસ્તાર,

મું. જસદણ, જિ. રાજકોટ

ઈ-મેલ:

sanjay.koriya@yahoo.com

## તંત્રી સ્થાનેથી



પ્રિય વાચક મિત્રો,

ભારતીય સંસ્કૃતિમાં ગુરુપુર્ણિમાનું અનન્ય મહત્વ છે. ગુરુના સાનિધ્યમાં રહીને ભાવિકો જ્ઞાન, શાંતિ, ભક્તિ અને યોગશક્તિ પ્રાપ્ત કરે છે. ગુરુપુર્ણિમાએ ગુરુ પ્રત્યેનો ભાવ પ્રગટ કરી ગુરુને સન્માન આપવાનો એક અનેરો ઉત્સવ તેમજ અવસર છે.

આજે હું આધ્યાત્મિક ગુરુની વાત કરતો નથી. પરંતુ સતત માર્ગદર્શકની ભૂમિકા ભજવતા 'ગુગલ' ગુરુની વાત કરવા માંગુ છું.

૨૧મી સદી ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીની સદી છે. આજનો યુગ સેલ્ફ લર્નીંગનો છે. તેથી સેલ્ફ લર્નીંગમાં આપણને ઉપયોગી 'ગુગલ' છે. દિન-પ્રતિદિન અખૂટ માહિતી 'ગુગલ' પર અપલોડ થાય છે. વિવિધ વેબસાઈટસ, વિડીયો અને યુ-ટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, વોટસઅપ જેવાં સોશિયલ મીડિયા પર અનેક માહિતી પ્રાપ્ત થાય છે. આ બધાં જ જ્ઞાનપ્રાપ્તિનાં સ્ત્રોત છે. આ બધાં જ સાધનોનો શિક્ષણમાં મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

વિવિધ વિષયો વિજ્ઞાન, ગણિત, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન જેવાં અનેક વિષયોના વિવિધ મુદ્દાઓને લગતી અઢળક માહિતી 'ગુગલ' પર સરળતાથી પ્રાપ્ય છે. આ બધું જ ટેક્સ્ટ અને વીડિયોના સ્વરૂપમાં પ્રાપ્ત છે. આ બધું કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે, કોઈપણ સ્થળે અને એકદમ ફ્રિ પોતાની મેળે પ્રાપ્ત કરી શકે છે. ધારે તે શીખી શકે છે.

આ બધા માટે 'ગુગલ'ને ગુરુ બનાવો. જાતે નવું નવું શીખી આધુનિક એકલવ્ય બનીએ.

- ડૉ. સંજય કોરિયા


**સતત મહેનત અને કઠોર પરિશ્રમ ગમે તેવી પરિસ્થિતિ બદલાવી શકે છે.**

# મારા વર્ગનો આરુણી (પ્રેરક પ્રસંગ)

પ્રવીણભાઈ મકવાણા

હું શાળામાં ગુરુવારે ગુરુસભામાં બાળકોને મૂલ્યો મળે તે માટે વાર્તા કે પ્રસંગો કહેતો. આ નાનકડી વાર્તા અહિ જણાવું છું. જેનો સીધો સબંધ મારા વર્ગના આરુણી સાથે છે.

પ્રાચીનકાળમાં ધૌમ્યમુનિના આશ્રમમાં ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તેમાં એક વાર ચોમાસામાં વધુ વરસાદ પડયો. આશ્રમના ખેતરની એક પાળી તૂટી ગઈ છે કે નહિ તે જોવા આરુણીને આજ્ઞા થઈ. આરુણી ગયો, ઘણી બધી મહેનત કરી પણ પાળ બંધાતી ન હતી. પાણી રોકાતું ન હતું. છેવટે આરુણી પોતે પાળ બની સુઈ હતો.વરસાદ અને ઠંડીથી આરુણી ઠુંઠવાઈ ગયો હતો. આરુણીની આવી સમર્પણ ભાવના જોઈ ગુરુ પ્રસન્ન થયા. આરુણીને ધૌમ્ય મુનિએ છાતી સરસો ચાંપીને આશીર્વાદ આપ્યા.



આ વાર્તા કહેવા માટે મારી નિશાળથી મેદાન બહાર ગ્રામપંચાયતના ઓરડા તરફ આવતો હતો. ત્યારે મારા પગ પર સહેજ કાંટો વાગતા મેં કાઢવાનો પ્રયત્ન કર્યો પણ મોડું થવાથી કામ પડતું મૂકી પ્રાર્થનાસભામાં ઝડપથી પહોચી ગયો. પ્રાર્થના પછી વર્ગમાં ગયો. બહાર ચંપલ લાઈનમાં ગોઠવવા માટે રઘુને સૂચના આપી. પ્રાર્થનામાં ઉતાવળે જતી વખતે રઘુએ મારી સ્થિતિ જોયેલી હતી.

હું હાજરી પૂરતો હતો અને ગૃહકાર્ય તપાસતો હતો ત્યાં ચંપલ ગોઠવતા રઘુએ મારા ચંપલના ત્રણેય કાંટાઓ કાઢી લીધા. બપોરે એક વાગ્યે મધ્યાહન ભોજન માટે રીસેસ પડી ત્યારે બહાર નીકળી ચાલવા ગયો ત્યાં એક પણ કાંટાનો દુ:ખાવો થયો નહિ. મારા આશ્ચર્યનો કોઈ પર નહતો.બપોર પછી વર્ગમાં ગયો ત્યારે પૂછયુ કે મારા ચંપલમાંથી કોણે કાંટા કાઢ્યા હતા? રઘુએ કહ્યું સાહેબ, "સાહેબ મેં તમને વાર્તા કહેવા આવતા જોયા હતા. તે વખતથી મને ખબર પડી હતી. એટલે મેં જ ચંપલ ગોઠવતી વખતે કાંટા અને ગોખરું કાઢી નાખ્યા હતા. છેક રાત્રે સુતી વખતે આખા દિવસની ઘટના વાગોળતો પથારીમાં સુતો હતો, ત્યારે ખબર પડી કે મારો વિદ્યાર્થી પણ મારો આરુણી છે. આવા ઘણા આરુણી શિક્ષક સામેથી પસાર થાય છે.

આરુણી વિશે વધુ જાણવા https://gu.wikipedia.org/wiki/%E0%AA%86%E0%AA%B0%E0%AB%81%E0%AA%A3%E0%AA%BF

## મમત્વ ઝંખતું બાળક (પ્રેરક પ્રસંગ)

મીરા ધર્મેશ સાંગડીયા

હું તાલીમાર્થી તરીકે એક ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય કરવા માટે ગઈ હતી. શાળામાં સાતેક વર્ષનો ધો.૩માં ધાર્મિક નામનો વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. હસમુખો ચહેરો, વસ્ત્રોમાં ચોખ્ખાઈ, હોઠ પર વહાલું સ્મિત અને સ્વભાવમાં ઉત્સાહ જોવા મળતો હતો. એ મને વારંવાર જોયા કરે. આંખોમાં પણ તરવરાટ જોવા મળતો. હું એને બોલવું એટલે તેનામાં ગાઢ આનંદ છવાઈ જતો. જેના કરણે બધા જ વિદ્યાર્થી કરતા એની સાથે શિક્ષણકાર્ય કરવામાં મને ખૂબ જ મજા આવતી.



એક દીવસ ખબર પડી કે ધાર્મિકના મમ્મી તેને મૂકી તે પિયર ચાલ્યા ગયા છે. કદાચ ધાર્મિકના પપ્પાનાં અવસાન પછી બીજા લગ્ન પણ કરી લીધા હોય. એટલે જ એ કુમળું બાળક એની માતાના વાત્સલ્યને ઝંખી રહ્યું હશે. આ વાત સાંભળી હું બધી પરિસ્થિતિ સમજી ગઈ. એને માત્ર ને માત્ર શિક્ષણ કાર્ય ના કરાવતા માતાની જેવી દ્રષ્ટિ રાખી લાગણી, હૂંફ અને પ્રેમપૂર્વક તેની સાથ વાત કરતી, તો એને ખૂબ જ ગમતું. તે નાટક અને નૃત્યમાં પણ સરસ દેખાવ કરતો. બધી જ પ્રવૃત્તિમાં એમનું કાર્ય દીપી ઉઠતું. અમારી તાલીમનો છેલ્લો દિવસ હતો. ધાર્મિક ગમગીન હતો. આ લોકો જતા રહેશે ? હું તેને છેલ્લી વખત મળવા ગઈ. તેને કશુક બોલવું હતું, પણ તે બોલી ન શક્યો. માત્ર જોઈ રહ્યો હતો. અમે વાહનમાં બેસી ગયા. તે વાહન પાછળ દોડયો. મને વહાલથી સ્પર્શ કર્યો  અને તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી ગામના પાદર સુધી દોડયો અને અંતે આવજોનું સ્મૃતિ ચિન્હ બતાવી અમારાથી અળગો થયો.

શાળાનું દરેક બાળક લાગણીથી ભૂખ્યું જ હોઈ છે. એટલે જ કદાચ ગીજુભાઈ બધેકાને ‘મૂછાળી મા’ તરીકે ઓળખવામાં આવે છે. હંમેશા હસતો માણસ જ શિક્ષક તરીકે શ્રેષ્ઠ કાર્ય કરી શકે. ગુણવંતશાહ તેથી જ કહે છે કે શિક્ષકને જો ભણાવવાનો નશો ચડે તો જ બાળક પર તેનો પ્રભાવ પડે છે.



આજના આધુનિક યુગમાં માતાપિતા બાળકો પ્રત્યે બેજવાબદાર છે ત્યારે એ ખોટ એક નિષ્ઠાવાન શિક્ષક જ પુરી કરી શકે છે. એટલે જ કોઈકે શિક્ષકની વ્યાખ્યા પણ સરસ રીતે આપી છે કે “હેતુ વિના હેત કરે તે જ શિક્ષક”. વિદ્યાર્થી સામે સ્મિત કરો જેનાથી તેની પ્રીત વધે. તેજસ્વી વિદ્યાર્થીની પીઠ થાબડી તેના કાર્યને ગતિશીલ બનાવી શકાય. વર્ગખંડમાં વહાલથી તેનું નામ બોલીએ તો તેને ગર્વ થાય. તેનું કાર્ય વધારે શ્રેષ્ઠ થઈ શકે. દરેક વિદ્યાર્થી એક કુમળો છોડ છે અને તેનું યોગ્ય રીતે જતન કરી ભાવી પુષ્પોની સુગંધ વધારે પ્રસાવી શકાય. દરેક બાળક એક ઉત્સુક વાંસળી છે. તેમાંથી સુંદર સુર રેલાવી શકાય. એક કોરું ચિત્ર છે તેમાં મનગમતા રંગ પૂરી નયનરમ્ય બનાવી શકાય. દરેક બાળક સાથે ઉત્સાહથી કાર્ય થશે ત્યારે વર્ગ જ સ્વર્ગ બની જશે તેમાં કોઈ સંદેહ નથી.

# ગુરુપૂજન અને ગુરુપૂર્ણિમા

ડૉ. મયૂર ભમ્મર

ગુરુ અને શિષ્ય વચ્ચે અનુપમ અને અદ્વિતિય સંબંધ રહેલો છે. કોઈપણ પરિસ્થિતિ હોય કે સંજોગો હોય તો પણ અકબંધ રહે એ ગુરુ અને શિષ્યના સબંધનું હાર્દ છે. ગુરુનું હૈયું હમેશાં પોતાના શિષ્ય માટે ધડકતું રહે છે. પ્રત્યેક માનવીના જીવનમાં ગુરુનું સ્થાન અનેરું છે.

પ્રાચીન કાળમાં ભારતમાં સાંદિપની, વશિષ્ઠ, દ્રોણાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ જેવા સમર્થ ગુરુઓ તો કૃષ્ણ, રામ, અર્જુન, એકલવ્ય, વિવેકાનંદ, શિવાજી જેવા સમર્થ અને આજ્ઞાંકિત શિષ્યો થયા. ઉત્તમ ગુરુ પરંપરાની મશાલ પ્રજ્વલિત કરી.

अज्ञानतिमिरांधस्य ज्ञानाड्अन शलाकया ।

चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरुवे नमः ।।

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશની જ્યોત પ્રગટાવનાર ગુરુ છે અને જીવન વિકાસની તમન્ના રાખનાર શિષ્યનો ગુરુ સાથેનો સંબંધ અપાર, અલૌકિક, અદ્વિતીય, પ્રેમાળ અને પાવન હોય છે. ગુરુની પાસે બેસીને શિષ્ય નમ્રતા, વિવેક, જિજ્ઞાસા, સત્ય, આદર, બોધત્વ, પરોપકાર, સહિષ્ણુતા, સમાનતા વગેરેનાં પાઠ ભણે છે. ગુરુ જ્ઞાનના ભંડાર છે, સાચા પથદર્શક છે, તારણહાર છે. ગુરુ હંમેશાં પોતાના શિષ્યની પ્રગતિ ઈચ્છે છે. દરેક ગુરુની હંમેશાં એક મનોકામના હોય છે કે તેનો શિષ્ય પોતાનાથી પણ આગળ વધે અને પોતાના ગુરુથી સવાયો બને.

'ગુરુ' શબ્દમાં જ ગુરુનો મહિમા સમાયેલ છે. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. શિષ્યમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી દીપક પ્રગટાવનાર ગુરુ એક જીવન શિલ્પી છે. જેમની અંદર પ્રકાશની શોધ પેદા થઇ છે, જેમને જીવન મૃત્યુથી ઘેરાયેલું લાગે છે, જે અમૃતની શોધમાં નીકળ્યો છે અને જેમનામાં જિંદગીનું સત્ય જાણવાની અભિલાષા પ્રગટી છે એવા વ્યક્તિઓ જ સાચા ગુરુને શોધી શકે છે. ઈશ્વરને શોધવા માટે કૈલાસ, કાશી કે કાબામાં જવાની કોઈ જરૂર નથી. ઈશ્વર ત્યાં જ છે, જ્યાં સદ્‌ગુરૂનો વાસ છે. ગુરુ મોક્ષનો સાચો રાહ બતાવનાર ભોમિયા છે. ગુરુ પોતાના આચરણ દ્વારા શિષ્યની જિંદગીનું ઘડતર કરે છે. આથી જ તો ગુરુને આચાર્ય પણ કહેવામાં આવે છે.

'ગુરુ' કુંભાર જેવા હોય છે અને શિષ્યો માટી જેવા હોય છે. જેમ કુંભાર માટીને ટીપી ટીપીને તેમાંથી વિવિધ આકારોનું સર્જન કરે છે. તે જ રીતે ગુરુઓ પણ શિષ્યોની નાની નાની ભૂલો બતાવીને તેમના જીવનને સુંદર આકાર આપે છે. જેમ કુંભાર માટીના આકારને ઉપરથી ટપલા મારીને અને અંદરનાં ભાગથી પંપાળીને આકાર તૈયાર કરે છે. તે જ રીતે ગુરુઓ પણ પોતાના શિષ્યને તૈયાર કરતા હોય છે. તેઓ પણ ઉપરથી શિષ્યની ભૂલો બતાવે છે, પણ હૃદયથી તેઓ પોતાના શિષ્યોને ખૂબ જ પ્રેમ કરતાં હોય છે. ગુરુઓ એવી પારસમણિ છે કે જે શિષ્યોને પોતાના સ્પર્શથી યોગ્ય બનાવે છે. સ્વામી વિવેકાનંદે તો ગુરુને “સંસ્કૃતિની માતા” કહીને બિરદાવ્યા છે. જેમ માતા બાળકનાં દોષોને અવગણે છે, તેમ ગુરુરૂપી માતા પણ પોતાના શિષ્યોમાં રહેલા અનેક અવગુણોને ધ્યાનમાં ન લઈ શિષ્યોને સદ્‌માર્ગે લઈ જાય છે.

ગુરુ અને ગુરુ પરંપરાને આગળ વધારવા માટે અષાઢ સુદ પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા કે વ્યાસ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ગુરુનું મહાત્મ્ય સમજવા માટે અને એમના પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરવા માટે દર વર્ષે અષાઢી પૂનમના દિવસે ગુરુ પૂર્ણિમાનું પર્વ મનાવવામાં આવે છે.

**માનવીનું જીવન એટલે સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક.**

"ધ્યાન મૂલમ ગુરુ મૂર્તિ, પૂજા મૂલમ ગુરુ પદમ,

મંત્ર મૂલમ ગુરુ વાક્યમ, મોક્ષ મૂલમ ગુરુ કૃપા."

("ધ્યાન ધરવા માટેનું મૂળ ગુરુનું સ્વરૂપ છે, પૂજા કરવા માટે ગુરુના ચરણ કમલ છે, ગુરુનાં વચનો અને ઉપદેશ એ એક મંત્ર જેટલાં જ પવિત્ર અને પ્રેરક છે અને છેવટે મોક્ષ પ્રાપ્તિ માટે ગુરુની કૃપા જ એકમાત્ર ઉપાય બની રહે છે.")

ગુરુ પૂર્ણિમાના દિવસે સંસ્કૃતિ અને શિષ્યોનાં ઘડવૈયાઓનું પૂજન થાય છે. યુગોયુગથી ભારતીય સંસ્કૃતિને ઘડવાનું કામ અનેક ઋષિમુનિઓ રૂપી ગુરુઓ દ્વારા થતું આવ્યું છે. આવા અનેક ગુરુઓમાંના એક મહર્ષિ વેદવ્યાસજી છે. જેમણે મહાભારત અને શ્રીમદ્ભગવત જેવા ઉત્તમ મહાગ્રંથો આપ્યાં. મહાભારત દ્વારા તેમણે સમાજમાં રહેલા અનેક મનુષ્યોની વિચારધારાને માનવી સમક્ષ મૂકી અને શ્રીમદ્ ભાગવતજી દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનાં ચરિત્ર અને ગુણોને અલંકારિક કર્યા છે. ભગવાન શ્રી કૃષ્ણએ સ્વયં વેદ વ્યાસજીને मुनीनामप्यहम् व्यासः કહીને સંબોધિત કર્યા છે. મહર્ષિ વેદવ્યાસજીની જેમ મનુષ્યોની આસક્તિ ઓછી કરીને મોક્ષને માર્ગે વાળનાર અને આ વિશ્વની અનંતતા સમજાવનાર અને જીવનને પાવન અને પવિત્ર બનાવનાર સાચા માર્ગદર્શક ગુરુઓને આચાર્યચરણ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનું આચરણ શુધ્ધ હોય અને જેનાં આચરણને જીવનમાં ઉતારવા માટે મન તત્પર થાય છે તેને આચાર્યચરણ કહે છે.

पूजनीयोविशेषण वस्त्राभरणधेनुभि:। फलपुष्पादिना सम्यगरत्नकांचन भोजनै:।।

दक्षिणाभि: सुपुष्टाभिर्मत्स्वरूप प्रपूजयेत। एवं कृते त्वया विप्र मत्स्वरूपस्य दर्शनम्।।

(અષાઢ શુક્લ પૂર્ણિમાએ મારો જન્મ દિવસ છે અને એ ગુરુ પૂર્ણિમાનો પણ દિવસ છે. આ દિવસે સુંદર વસ્ત્ર, આભૂષણ, ગાય, ફળ, પુષ્પ, રત્ન, સ્વર્ણ,ભોજન, દક્ષિણા વગેરે સમર્પિત કરી વિવિધ રીતે ગુરુ તેમની કરવાથી હે વિપ્ર, તારા ગુરુમાં તું મારા સ્વરૂપના દર્શન કરીશ.)

ગુરુનું મહત્ત્વ આપણા શાસ્ત્રો અને પુરાણોએ પણ ખૂબ વર્ણવ્યું છે. હિન્દુ ધર્મમાં ગુરુને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે.

"ગુરુ: બ્રહ્મા ગુરુ: વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વર: |

ગુરુ: શાક્ષાત્પરમ બ્રહ્મ, તસ્મૈ ગુરુવે નમઃ ||"

તેમજ...... કબીરજીએ પણ કહ્યું છે કે.....

"ગુરુ ગોવિંદ દોનું ખડે કિસકો લાગુ પાય,

બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય "

ગુરુ જ્ઞાનનો દીવો પ્રત્યેક બાળકનાં હૃદયમાં પ્રજવલિત કરે છે. જ્ઞાનનાં સૂર્ય, પ્રેમ-કરુણાનાં મહાસાગર એવા ગુરુને આજનાં દિવસે યાદ કરાય છે. જેઓ મૃત સમાન જીવતા વ્યક્તિને જ્ઞાનરૂપી અમૃત વડે જીવનદાન આપીને તેમના જીવનમાં તેજ, બુધ્ધિ અને તેજસ્વિતા ભરે છે. ગુરુનું ઋણ શિષ્ય ઉપર ચડેલું હોય છે.આમ ગુરુ પૂર્ણિમા આવા પૂજનીય ગુરુને યાદ કરી એમને આદરપૂર્વક વંદન કરવાનો દિવસ છે. ગુરુ પૂર્ણિમાના પાવન દિને મારા જીવનના ઉત્કર્ષમાં શરૂઆતથી આજદિન સુધી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અગત્યનો ભાગ ભજવનાર સૌ ગુરુજનો અને મહાનુંભાવોને યાદ કરી કોટી કોટી હાર્દિક વંદન કરું છું.

# આઝાદીને જાળવીએ

રાજેશ પ્રજાપતિ

ભારત દેશના સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટના દિવસને ઉજવવામાં આવે છે. ભારતે અંગ્રેજો સામે દેશની આઝાદી માટે મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં સત્યાગ્રહની લડત ચલાવી. આઝાદીના લડવૈયાઓંએ  અનેક યાતનાઓ વેઠી અને અનેક બલિદાનો આપ્યા. ઈ.સ. ૧૯૪૭નાં વર્ષમાં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો.

આથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશીમાં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (રાજ્ય સરકારો, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો) દ્વારા ધ્વજ વંદનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે. જેમાં ભારતના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સામાન્યતઃ તેમની સરકારની પાછલા વર્ષની સિદ્દિધઓ વર્ણવે છે, મહત્ત્વનાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને હાકલ કરે છે. વડા પ્રધાન આઝાદીની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્યસેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષાદળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે.

અત્યારે આપણે આઝાદીના અર્થને સમજીએ છીએ ખરા ? ના ...કારણ કે આપણે જન્મ્યા ત્યારથી જ આઝાદીનો શ્વાસ લઈએ છીએ અને એવું કહેવાય છે કે જે વસ્તુ આપણને મફતમાં અથવા સહેલાઈથી મળે તેની આપણા મનમાં કાંઈ જ કીમત હોતી નથી. અરે ! આઝાદી કોને કહેવાય તે પ્રશ્ન આપણા શહીદોને પૂછો, એ સમયના આપણા સ્વાતંત્ર્ય વીરો ને પૂછો, લોહી રેડીને જેમને સામી છાતીએ ગોળીઓના વરસાદને ઝીલ્યો છે એવા લોકોને પૂછો તો તેનું મહત્વ સમજી શકાય ...!!

આપણા પૂર્વજોએ જે શહીદી વહોરીને આપણને આ અમૂલ્ય ભેટ આપી છે તેને સાચવવાની જવાબદારી મારી, તમારી અને આપણા સહુની છે.


The Times of India
BOMBAY: FRIDAY, AUGUST 15, 1947 PRICE TWO ANNAS
BIRTH OF INDIA'S FREEDOM
NATION WAKES TO NEW LIFE
Mr. Nehru Calls For Big Effort From People
"INCESSANT STRIVING TASK OF FUTURE"
Assembly Members Take Solemn Pledge
WILD SCENES OF JUBILATION IN DELHI
NEW CABINET OF INDIA
Fourteen Members
PANDIT NEHRU TO BE PREMIER
STATE VISIT TO KARACHI
LORD MOUNTBATTEN GREETS PAKISTAN
Mr. Jinnah Re-Affirms Firm Friendship With Britain
FRENZIED ENTHUSIASM IN BOMBAY
Crowds In Festive Mood
"MAY BOMBAY PROSPER"
Governor's Message
GOOD WISHES TO FREE INDIA

દેશભક્તિ આપણા હ્દયમાં હોવી જોઈએ માત્ર વાતો કરવાથી કઈ નહિ વળે ! કેમ કે આજકાલ આપણે જોઈએ છીએ તેમ ચીન આપણા દેશનો મોટાભાગનો વિસ્તાર પડાવી લીધો છે અને હમણાં એક અઠવાડિયા પહેલા જ પાકિસ્તાને આપણા ૫ સૈનિકોને મારી નાખ્યા છે ...તો હવે આપણે જ સમજવાની જરૂર છે કે જો આવી રીતે જ રાજકારણ રમાશે તો વહેલા મોડા આપણે સૌ ફરીથી ગુલામ બની જવાના છીએ. માટે જાગો !!! અને દેશભક્તિને હ્દયમાં ઉતારી આપણે પણ દેશપ્રેમનો પાઠ શીખીએ અને આપણા બાળકોને પણ તેનું મહત્વ સમજાવીએ.

ભારત સ્વાતંત્ર થયો ત્યારે દેશ સામે અનેક સમસ્યાઓ હતી. ભાંગી પડેલા ભારત દેશને બેઠો કરવાનો હતો અને તેને

## ગુજરાતી સાહિત્યના અદ્‌ભુત શેર

પ્રગતિને પંથે લઈ જવાનો હતો. પંડિત જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, લાલબહાદુર શાસ્ત્રી જેવા રાષ્ટ્રીય નેતાઓએ ભારતની કાયાપલટ કરવા ભગીરથ પર્યત્નો આદર્યા હતા. પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેક ક્ષેત્રોમાં વિકાસના ઘણાં કાર્યો કરવાના પ્રયાસો થયા છે. ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક લઈ શકે અને અનાજનું ઉત્પાદન વધે તે માટે દેશની ઘણી નદીઓં પર બંધ બાંધવામાં આવ્યા. ખેડૂતોને શુધ્ધ બિયારણ મળી રહે, રાસાયણિક ખાતર મળી રહે તેમજ ખેતીના આધુનિક ઓજારો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી.



કોઈ પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ગામડે ગામડે પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી. લોકોમાં રોજગારી મળી રહે તે માટે અનેક નાના મોટા ઉદ્યોગો શરુ કરવામાં આવ્યા. વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે પણ ભારતે અદભુત પ્રગતિ કરી. દેશમાંથી ગરીબી, મોઘવારી, વસ્તીવધારો, બેકારી, બાળમજુરી વગેરે દૂર કરવાનો સંકલ્પ પણ આ દિવસે કરવામાં આવ્યો. દેશના લોકમાં જાગૃતિ અને રાષ્ટ્રીય એકતા લાવવામાં આ દિવસનો મહત્વનો ફાળો છે.

મારી હસ્તી મારી પાછળ એ
રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને
જગા પૂરાઈ ગઈ.
- ઓજસ પાલનપુરી

જીવ હજી તો ઝભ્ભામાં છે,
ફાટી ગઈ છે જાત કબીરા.
- ચંદ્રેશ મકવાણા

આભમાં કે દરિયામાં તો એક
પણ કેડી નથી,
અર્થ એનો એ નથી કે કોઈએ
સફર ખેડી નથી.
- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જીવી શકું હું કઈ રીતે તમને
સ્મર્યા વગર,
પાંપણ કદીયે રહી શકે મટકું
ભર્યા વગર?
- મનહર મોદી

વધુ આવા શેર માટે :
http://www.aksharnaad.com

**વિચાર ગમે તેવો સુંદર હોય પણ તે આચાર વિના નકામો છે.**

## બાળકની ઝંખના

વૈશાલીબેન કરકર

રંગબેરંગી પાનાઓથી ભરપુર એવી જીંદગી જો જીવી જાણો તો મજા, નહિ તો સજા. વિવિધ પાનાઓથી બનેલ આ જીંદગીરૂપી પુસ્તકમાં જયારે બાળકોનો કિલકિલાટ અને મોટેરાંઓનો સંતોષનો ઓડકાર ઊમેરાય છે, ત્યારે જીંદગી જન્નતથી પણ કમ નથી રહેતી.

જયારે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને મેં પૂછયું, 'માતા-પિતા પછી જીવનમાં સૌથી વધુ શું જરૂરી છે?' મોટાભાગનાં વિદ્યાર્થીઓનો જવાબ હતો, "પૈસા". જવાબ સાંભળી જરા દુઃખ થયું પણ શું કરવું એ એક કડવું સત્ય પણ છે. રૂપિયા જીવનમાં જરૂરી તો છે પણ એટલી અંશે નહિ કે જેનાંથી સંબંધો પણ ઝાંખા પડે.

આજની પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે અજાણ્યા લોકો એક છત નીચે વસવાટ કરી રહ્યા ના હોય. કોઈએ એકબીજા સાથે બોલવાનો ટાઈમ જ કયાં છે? અરે બાળક તો બિચારું નોકરીયાત મમ્મી-પપ્પાને રવિવાર સિવાય જોવા જ પામતું નથી. રજાના દિવસે તો એવી રીતે જુએ કે જાણે કોઈ મહેમાન ન હોય ! બાળકની માતા પણ નોકરી કરતી હોય તો આવા બાળક માટે તો એક "આયા" એ જ એની `માયા`. શું મમ્મીનો પ્રેમ ? શું પપ્પાનો પ્રેમ ? એ બધું સ્વપ્નમાં સમજવાનું. અરે ! જીંદગીમાં પૈસાનું એટલું બધું મહત્વ કે તમારા બાળકને પ્રેમ પણ બીજાનો વહેંચાતો અપાવવો? શું 'મા'નાં પ્રેમની તોલે કોઈનો પ્રેમ આવી શકે ખરો ? અરે, ખુદ ભગવાન પણ મા બનીને પ્રેમ આપશે તો પણ કંઈક કચાશ રહી જશે એ છે 'મા'. પછી એ પૈસાથી ખરીદેલી આયાની તો શું વિસાત.

પૈસા જો જરૂરીયાત છે તો ગમે તેટલા ટાઈટ શેડ્યુઅલ માંથી પણ બાળક સાથે ઓછામાં ઓછો એક કલાક કાઢો. બાળક સાથે બાળક બનીને જૂઓ. દુનિયાના દુઃખો ભુલાવી દેશે.

બાળકને ચાર દીવાલમાંથી બહાર કાઢી મુક્ત વાતાવરણ આપો. ભાખોડીયાભર ચાલવાનું ભૂલી જઈને પોતાની અંદર રહેલી પાંખોથી ઊડવા લાગશે. આ કુમળા છોડનો વિકાસ તમારા પ્રેમ-હૂંફ પર આધાર રાખે છે. તેને ખોળામાં બેસાડી, ગળે વળગાડી હેત કરો, તેની વાતો સાંભળો, એની કાળી-ઘેલી ભાષા દુનિયાના દુઃખો ભુલાવી દેશે. એક બાળકની એના પિતા તરફની લાગણી અને અપેક્ષા આ નાનકડા પ્રસંગે દ્વારા વ્યકત થાય છે.



ઓફિસમાં ગળાડૂબ રહેતા પિતા પાસે પુત્રએ ૩૦૦ રૂપિયા માગ્યા. આટલી મોટી રકમ પુત્રએ પહેલીવાર માંગી એટલે થોડી નવાઈ તો લાગી પણ પિતાએ બાળક પાસેથી કારણ કહેવાની શરતે રૂપિયા આપી દીધા. તરત જ બાળકે પોતાના ગલ્લામાં જમા થયેલ બીજા ૩૦૦ રૂપિયા લઈને આવ્યો. પપ્પાના હાથમાં રહેલા પેલાં 300 રૂપિયામાં એ રકમમાં ઉમેરી. પછી બાળકે પોતાના મનની વાત કરી, "તમને ઓફિસે એક કલાક કામ કરવાના ૬૦૦ રૂપિયા મળે છે, તો આજે ૬૦૦ રૂપિયા હું તમને આપું છું. તમે મને તમારો એક કલાક આપો."

ખરેખર ભાગ્યશાળી હતાં એ સમયના બાળકો કે જેને હાલરડુ સાંભળતા-સાંભળતા માતાના ખોળામાં સુવા મળતું. બા-દાદા સાથે ખાટલા પર બેસીને વાર્તા સાંભળવા મળતી. શેરીના મિત્રો સાથે લખોટી, કચૂકા, ભમરડાથી તેમજ આંબલી-પીપળી, સાતતાલી, સંતામણી જેવી રમતો રમવા મળતી. બાળકને વધુને વધુ સમય અને પ્રેમ આપો. બાળકથી વધુ કોઈને મહત્વ ન આપો.

સુખનો આચાર સંપત્તિ સાથે નથી, પરંતુ સંતોષ સાથે છે.

**વાર્તા વિશ્વ**

પ્રવીણભાઈ મકવાણા

## છોટુ અને મોટુ

મોટુ અને છોટુ બન્ને ખાસ મિત્રો હતાં. એક વાર છોટુએ મોટુને કહ્યું, 'હાલને હવે તો આપણે વેકેશન પડી ગયું છે. જંગલમાં ફરવા જઈએ'. છોટુ અને મોટુ વહેલી સવારે ફરવા માટે નીકળી ગયા. ફરતાં ફરતાં જંગલ આવ્યું. જંગલમાં તો લીમડો, આવળ, બાવળ, બોરડી, ખીજડો, પીપર, આવા કેટલાંય અવનવાં નાના-મોટા ઝાડવાં જોઈ, છોટુ અને મોટુ તો દંગ રહી ગયાં. છોટુ તો કહેવા લાગ્યો ' હે મોટુ મારા ઘરે તો આવું એકેય ઝાડ નથી. અમારી આખી સોસાયટીના છેડે રોડની બાજુમાં બે ઝાડ હતાં. એમાંથી એક ઝાડ કોઈકે કાપી નાંખ્યું છે. બસ, હવે તો એક જ ઝાડ બચ્યું છે. આ સાંભળી મોટુ બોલ્યો' તારી વાત સાચી છે છોટુ, મારી સોસાયટીમાં તો પહેલા દશ જેટલાં ઝાડવાં હતાં. ગયા વર્ષે એક નવું કોમ્પલેક્ષ બનતાં બધાં જ ઝાડવાં કાપી નાંખ્યા હતાં. હવે તો એક પણ ઝાડ નથી. હું ઉનાળા વેકેશનમાં ઝાડ નીચે કુલ્ફી ખાતો હતો, તેં ઝાડ પણ હવે નથી. છોટુ કહે, `મોટુ, આપણે આપણાં પર્યાવરણમાં તો ભણીએ છીએ કે જો ઝાડ નહીં વાવીએ તો ધરતીમાતા બંજર બની જશે, વરસાદ તો સાવ ઓછો થઈ જશે, આપણે ચોખ્ખી હવા પણ શ્વાસમાં લઈ શકીશું નહીં'.





મોટુ અને છોટુ બંનેએ શહેર જઈ પહેલાં તો નક્કી કર્યું કે આપણે વેકેશન ખુલે ત્યારે શાળાએ જઈશું અને આપણાં બધાં જ ભાઈબંધોને આ જંગલની વાત કહીશું. દરેક મિત્ર બે ઝાડ પોતાના ઘરની સામે વાવશે. સોસાયટીના મુખ્ય રસ્તાની બંને બાજુએ ઝાડ વાવીશું. ઝાડની ફરતે કાંટાની વાડ કરીશું અને માવજત કરી ઝાડ મોટુ કરીશું. શાળાએ જઈ આપણાં મેદાનની દીવાલ ફરતે ઝાડવાં રોપીશું. આમ આપણે આ ઝાડ વાવવાની વાત સોસાયટી, શાળાએ અને આખા શહેરમાં ફેલાવીશું તો આખું શહેર જંગલ બની જશે.

# કાવ્ય જગત

## શિક્ષક

જીવન ચિત્ર માં અવિરત પુરાતો રંગ છે શિક્ષક

સમાજ નું એક અભિન્ન અંગ છે શિક્ષક

જ્ઞાન છે વિજ્ઞાન છે જાતિવાદ થી અજ્ઞાન છે શિક્ષક

બાળ માનસ પટલ પર રચાતો તરંગ છે શિક્ષક

કાવ્ય નિચોવી મર્મ કહે, મહાભારત નો પર્વ કહે શિક્ષક

જ્ઞાન સાથે ગમ્મત પીરસતો ઉમંગ છે શિક્ષક

ચોકને ડસ્ટર, કલમ ને મસ્ટર જેવા જેનાં હથિયાર છે
એ છે શિક્ષક

તોપ તમંચા વગરનો નિર્ભય દબંગ છે શિક્ષક

સહેજે મનમાં પાપ નહીં, જીભે કદીએ શ્રાપ નહીં
એ છે શિક્ષક

હર પળ હર ક્ષણ સમાજ માટે સત્સંગ છે શિક્ષક....!

## બાળ ગઝલ

મમ્મી ઈચ્છે ભણતર ભારે !
ડેડી માંગે વળતર ભારે !

કેમ કરીને જાઉં નિશાળે ?
પંડે નાનો, દફ્તર ભારે !

દોષ હવે તો દેવો કોને ?
પાયો કાચો, ચણતર ભારે !

નીતિ-રીતિ ને મોંઘી ફી,
છે ચડિયાતા નડતર ભારે !

થાય હવે તો : ખોલું શાળા,
ધંધો સારો, મળતર ભારે !

- 'મંગલપંથી'

વિપરીત પરિસ્થિતિમાં જ માનવીની શક્તિ ખીલી ઊઠે છે.

## શિક્ષણમાં ટેક્નોલોજી
ડૉ. સંજય કોરિયા

### શૈક્ષણિક apps

આજના ટેક્નોલોજીના યુગમાં મોબાઈલ દ્વારા લર્નિંગનું ચલણ વધ્યું છે. મોબાઈલ માં વિવિધ એપ્સ દ્વારા કોઈપણ વિષય શીખી શકાય છે. કેટલીક ફ્રિ શૈક્ષણિક એપ્સની માહિતી આપી રહ્યો છું.

**૧. સ્કૂલ મિત્ર (School Mitra) :**

આ એપ્લિકેશનમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના વિષયોના પાઠ્યપુસ્તકો અને MSQs આપેલ છે. ગમે તેટલી વાર ટેસ્ટ આપી શકો છો. તરત જ પરિણામ પણ જાણી શકાય છે.

**૨. કોઝા અંગ્રેજી ડિક્શનરી (Koza English Dictionary)**

આ એપ્લિકેશનમાં અંગ્રેજી ભાષાના કોઈપણ સ્પેલિંગના ઉચ્ચાર અને અર્થ જાણવા મળે છે. અંગ્રેજી ભાષા શીખવા માટે ખૂબ જ સારી એપ છે. ઓફ્લાઈન પણ કામ કરે છે.

**૩. હેલ્લો (Hello App)**

આ એપ્લિકેશન અંગ્રેજી ભાષા બોલતા શીખવા માટે ખૂબ જ ઉપયોગી છે. અલગ અલગ પરિસ્થિતિ પ્રમાણેની વાતચીત માટે ઉપયોગી છે.

**૪. ફોટોમેથ (Photomath)**

ગણિત શીખવા માટે ખૂબ જ ઉપયોગી છે. આ એપ માં ગણિતની કોઈપણ રકમ સ્કેન કરીએ એટલે તરત જ તે દાખલો સ્ટેપ્સ પ્રમાણે ગણી બતાવે છે.

### શૈક્ષણિક ફ્રિ સોફ્ટવેર

- **લર્નવીટા (Learnvita Software)**

આ સોફ્ટવરમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના તમામ મુખ્ય વિષયોના તમામ એકમોના વીડિયો, ઓડિયો અને ચિત્રો દ્વારા સરળ સમજુતી સાથે શીખવવામાં આવે છે અને એકમને અંતે ટેસ્ટ લેવામાં આવે છે. ખૂબ જ ઉપયોગી છે. તે માત્ર લેપટોપ અને કમ્પ્યુટરમાં જ ચાલે છે. તેને કેમ ડાઉનલોડ કરવો ? અને લોગીન કેમ કરવું ? વગેરે માટે વિડીયો દ્વારા સરળ સમજુતી માટે ક્લિક કરો. http://gg.gg/b1ql5




### સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે એપ્લિકેશન

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ખૂબ જ ઉપયોગી મોબાઈલ એપ્લિકેશન LCA (Live Coaching App)માં Live Video, અદ્યતન સમાચાર, ઓનલાઈન ટેસ્ટ તેમજ ઉપયોગી મટિરિયલ ઉપલબ્ધ છે.

ઉપરાંત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ખૂબ જ ઉપયોગી બ્લોગની માહિતી માટે ક્લિક કરો.

http://gg.gg/bexdo

# શિક્ષણ અને ટેક્નોલૉજી સમાચાર

## શ્રેષ્ઠ શિક્ષકનો એવૉર્ડ અપાયો

સાંદિપની વિદ્યા નિકેતન - પોરબંદર દ્વારા ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યા તા. 26.07.18ના રોજ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપનાર વ્યક્તિઓને સાંદિપની ગુરુ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી એમ.બી. અજમેરા હાઈસ્કૂલ, વીંછીયાના શિક્ષક ડૉ. સંજય કે. કોરિયાને અંગ્રેજી ભાષાના શિક્ષણમાં ઈનોવેટિવ કાર્ય કરવા બદલ શ્રેષ્ઠ શિક્ષકનો સાંદિપની એવોર્ડ પૂજ્યશ્રી રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)ના વરદ હસ્તે અપાયો હતો. તેમજ શિક્ષકશ્રીના પુસ્તક `મૂલ્યશિક્ષણ'નું વિમોચન પણ કરાયું હતું. ઉપરાંત સમગ્ર રાજ્યના 55 જેટલાં શ્રેષ્ઠ શિક્ષક ભાઈઓ અને બહેનોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, જાણીતા પદ્મશ્રી અનિલ ગુપ્તા અને શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ વગેરે શિક્ષણશાસ્ત્રીઓ અને બહોળી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા. આ તકે અજમેરા શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.




## કોઈપણ ફાઈલને વિવિધ ફોર્મેટમાં સેવ કરવા માટે એક જ વેબસાઈટ

1. HOW TO CONVERT PDF TO JPG
2. HOW TO CONVERT PDF TO DOC
3. HOW TO CONVERT PDF TO PPT
4. HOW TO CONVERT PDF TO XLS
5. HOW TO CONVERT JPG TO PDF
6. HOW TO CONVERT DOC TO PDF
7. HOW TO CONVERT PPT TO PDF
8. HOW TO CONVERT XLS TO PDF
9. HOW TO MERGE 2 PDF IN 1 PDF,
10. HOW TO SPLIT 1 PDF TO MORE PDF
11. HOW TO UNLOCK PDF

આ માટે ક્લિક કરો. http://gg.gg/bex5x

## Window-10 tips and tricks

- વિન્ડોની થીમ કેમ બદલી શકાય ?
- સ્ટાર્ટમેનું કે કેમ કસ્ટમાઈજ કરવું ?
- કોરનાટા સર્ચ શું છે ? કેમ સર્ચ કરાય ?
- કમ્પ્યુટરની સ્ક્રીનને રેકોર્ડ કેમ કરવી ?


જેવી 19 જેટલી ટ્રિક્સ માટે ક્લિક કરો.

http://gg.gg/bf12u

જીવનની ઈમારતને એક જ બારણું છે અને તે છે — અનુભવ.

# મારું ચિત્ર





નિશા પટેલ, આસ્થા સ્કૂલ, જસદણ. (ધોરણ– ૧૧)

## સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરી

મીનાક્ષી કોરિયા

૧. ગુજરાતના ક્યાં જીલ્લામાં સ્ત્રીઓની સાક્ષરતા દર સૌથી વધારે છે?
- સુરત

૨. શર્મિષ્ઠા તળાવ ક્યાં આવેલું છે?
- વડનગર

૩. ગુજરાતનો ‘ચારણકા સોલાર પાર્ક’ ક્યાં જીલ્લામાં આવેલો છે?
- પાટણ

૪. ‘લોએસ’ પ્રકારની રચના ધરાવતા મેદાનો ગુજરાતમાં ક્યાં આવેલાં છે?
- ઉતર ગુજરાત

૫. ગુજરાતમાં ક્યાં જીલ્લામાં મેંગેઝિન મળી આવે છે?
- પંચમહાલ

૬. ગુજરાતના ક્યાં જીલ્લામાં મેન્ગ્રુવ જંગલો આવેલાં છે?
- કચ્છ,જામનગર

૭. ગુજરાતના ક્યાં જીલ્લામાં ચૂનાના પથ્થરોનો સૌથી મોટો અનામત જથ્થો આવેલો છે?
- કચ્છ

૮. માંડવીની ટેકરીઓનું ઊંચામાં ઊંચું શિખર કયું છે?
- ચોટીલા

૯. સુરખાબના પ્રજનન માટે સ્થળ સુરખાબનગર ગુજરાતના ક્યાં વિસ્તારમાં જોવા મળે છે?
- કચ્છ

૧૦ ગુજરાતમાં ક્યાં ક્યાં સ્થળે જહાજો તોડવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે?
- અલંગ , સચાણ , જામનગર

૧૧. ગુજરાતમાં પતંગ મ્યુઝીયમ ક્યાં આવેલું છે?
- અમદાવાદ [સંસ્કાર કેન્દ્ર , પાલડી]

૧૨. ગુજરાતનું કયું સ્થળ મુખ્યત્વે અકીકનાં ઘરેણાં માટે જાણીતું હતું?
- ખંભાત

૧૩. ભારતની પ્રથમ યુનિવર્સિટી ક્યાં સ્થાપવામાં આવશે ?
- વડોદરા

૧૪. ગુજરાતમાં કર્માબાઈનું તળાવ ક્યાં આવેલું છે?
- શામળાજી

૧૫. શામળાજી તીર્થસ્થાન કઈ નદી કિનારે આવેલું છે?
- મેશ્વો

૧૬. ગાંધીજીએ ૧૯૧૭-18માં અમદાવાદમાં સંઘર્ષ શરૂ કર્યો તેમાં કોનો સમાવેશ થયો હતો ?
- ઔદ્યોગિક કામદારો

૧૭. અમદાવાદમાં કાપડના કેલિકો મ્યુઝીયમની સ્થાપના કોણે કરી હતી?
- ગૌતમ સારાભાઈ

૧૮. જૂનાગઢના આરઝી હકૂમતના વડા પ્રધાન તરીકે કોન બનાવવાંનું નક્કી કરવામાં આવ્યું?
- શામળદાસ ગાંધી

૧૯. વ્યક્તિદીઠ કેટલા રૂપિયાના વધારાના વેરા લડવાના વિરોધમાં બોરસદ સત્યાગ્રહ થયો હતો ?
- ૨.૫૦ રૂપિયા

૨૦. ગિરાસદારી પ્રથા નાબૂદ કરતો સૌરાષ્ટ્ર જમીન સુધારણા કાયદો ક્યાં વર્ષમાં અમલમાં આવ્યો હતો?
- ૧૯૫૧

**અજ્ઞાની હોવું એ શરમ નથી, પણ શીખવા માટે તત્પર ન હોવું એ શરમજનક છે.**

## શુભેચ્છાઓ

**મનસુખ સલ્લા**

પૂર્વ આચાર્ય, લોકભારતી-સણોસરા ❑ કેળવણીકાર, ચરિત્રનિબંધલેખક, વાર્તાકાર, વિવેચક

૨૧/૬/૧૮

પ્રિય સંજયભાઈ કોરિયા,

આજે અકસ્માતે વોટ્સએપમાં વિશ્વયોગદિન પ્રસંગે શરૂ થયેલું નવું ઈમેગેઝિન 'શિક્ષણસેતુ' જોયું. આનંદ થયો. તમારા શિક્ષણપ્રેમ માટે હાર્દિક અભિનંદન. તમને ખૂબ સફળતા મળે તેવી શુભેચ્છા.

આપણે ત્યાં વ્યક્તિગત પ્રયત્નથી ચાલતાં મેગેઝિનોમાં જાણવા જેવું, વાંચવાનું, રસ પડે તેવું ખૂબ ફૂટકળ છે પણ વિચારવા પ્રેરે તેવું ઘણું ઓછું હોય. તટસ્થ, મૂલગામી, સર્વાંગી-ચર્ચાકારક ચિંતન સમસ્યાના ઉકેલ તરફ લઈ જાય છે. આજે જ્યારે શિક્ષણનો વિનિપાત અટકાવવો છે ત્યારે તો આ ખાસ જરૂરી છે. મેગેઝિનમાં થોડાં પાનાં એવી સામગ્રીનાં હોય તો સારું. વિચારી જોજો. તમે એવું કરી શકો તો મને વધુ ગમશે.

તમારા નવપ્રયાસોને વધાવું છું.

તમારો

મનસુખ સલ્લા

સંપર્ક : સી/૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટસ, દેવાશિષ સ્કૂલ સામે, જજીસ બંગલા વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫ ફોન : (૦૭૯) [illegible] મો. : ૯૮૨૪૦૪૨૪૫૩
ઈમેઈલ : mansukhsalla@gmail.com

## શુભેચ્છાઓ

શાળા-બાળક-શિક્ષક અને શિક્ષણની ચિંતા તથા ચિંતન કરતું સામયિક

# શિક્ષણ ચિંતન (દ્વિમાસિક)

સ્થાપક : રમેશચંદ્ર મુલિયા, શ્રીમતી છાયા મુલિયા

**: તંત્રી :**
રમેશચંદ્ર મુલિયા
મો.૯૫૭૪૩ ૬૦૫૬૨

**: સહતંત્રી :**
શ્રીમતી છાયા મુલિયા

**: પરામર્શક :**
કાજલ સતાપરા
કિશોર મુલિયા

**: પત્ર વ્યવહારનું સરનામું :**
૬, 'નિસર્ગ', અભયમ્ પાર્ક
અલકાપુરી ચોક
એસ.એન.વિદ્યાલય સામે
સ્વાગત ફ્લેટની બાજુમાં,
મુ.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર
પી.૩૬૩૦૦૨



જા.નં. 1 તા. 16/6/2018

અંતરનો આવકાર

ભાઈશ્રી
સંજયભાઈ કોરિયા

ગુજરાતી ભાષા સાહિત્યના ક્ષેત્રમાં આંગળીને વેઢે ગણી શકાય તેટલા લોકો ગુજરાતી ભાષાનું મહત્વ સમજે છે. આપ બાળકોના વિકાસ માટે "શિક્ષણ સેતુ" નામનું નવું ઈ સામયિક શરૂ કરી રહ્યા છો જે ગુજરાતી ભાષાને જીવંત રાખતા ખૂબ ઉપયોગી બનશે. વાંકીયાના અજમેરા હાઈસ્કૂલના શિક્ષકશ્રી સંજયભાઈ કોરિયાનું કાર્ય ઉલ્લેખનીય છે. આ પહેલા સંજયભાઈ ધો-૯ અને ૧૦ની ઈંગ્લીશ લીટરેચર વેબસાઈટ બનાવી ઉપયોગી બનાવી હજારો વિદ્યાર્થીઓને પોતાની વેબસાઈટ બનાવી ઉપયોગી ... વિદ્યાર્થીઓ તેનો ખૂબ લાભ લે છે. આપના નવા ... સામયિક 'શિક્ષણસેતુ'ને સાહિત્ય અને શિક્ષણક્ષેત્રમાં પ્રેમ ભાવથી આવકારું છું.

આજના આ કારમાં યુગમાં જીવતરના તમામ ક્ષેત્રો માત્રને માત્ર વ્યવસાયિક બની રહ્યા છે અને ધર્મ, શિક્ષણ ન્યાય અને આરોગ્ય જેવાં પુનિત પાવન ક્ષેત્રોને લૂણો લાગી ગયો છે. ત્યારે વિચારશીલ મનુષ્યોનું કર્તવ્ય એટલું જ છે આપણા બાળકો આપણી ભાવિ પેઢી સુધી શુદ્ધ અને સાત્વિક માતૃભાષાના આપણા જ્ઞાન વારસાને જાળવી રાખે એ માટે પ્રતિદિન પ્રયાસો કરતા રહેવા અને એ કાર્ય આજની ક્ષણ સુધી નિષ્ઠાવાન શિક્ષક, સામાજિક પત્રકાર, તંત્રી અને લેખક સંજયભાઈ કરતા રહ્યા છે. એટલે જ તેમનું નામ અને કામ મારું હૈયું હરખાવે છે. તેમના સામયિક "શિક્ષણ સેતુ"ને આવકારું છું અને પરમ કૃપાળુ પરમાત્મા શ્રીકૃષ્ણને પ્રાર્થના કરું છું કે આપનું સામયિક સાચા અર્થમાં શિક્ષણ જગતમાં ખૂબ પ્રસિદ્ધિ પામે એવા શુભદિન, સામર્થ્ય આવે ક્ષમતા એવે પ્રાપ્ત થતા રહો....જય શ્રી કૃષ્ણ

તંત્રીશ્રી શિક્ષણચિંતન
[signature]
દ્વિમાસિક